**સી. સમરી કેસ નં. ૦૭/૨૦૨૬**
**સી. સમરી (CIS) નં.૦૨/૨૦૨૬**

**// આંક – ૦૧ લગત હુકમ //**

સદર કામમાં આ કામનાં આરોપી સામે પડધરી પોલીસ સ્ટેશન નાં ગુ.ર.નં.૧૧૨૧૩૦૪૨૨૫૦૭૩૭/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ–૧૪૦(૩), ૫૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાનાં કામે તપાસ કરનાર અધિકારીએ બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ મુજબનો આખરી અહેવાલ વર્ગ–સી સમરી મંજુર કરવા બાબતનો સદર કોર્ટમાં રજુ કરેલ છે.

સદર કામે વર્ગ–સી સમરી મંજુર કરવા બાબતનો રીપોર્ટ આવતા ફરિયાદીને નોટીસ કરવામાં આવેલ. સદર નોટીસ બજી જતા ફરિયાદી કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. સદર કામે ફરિયાદીએ આંક–૦૨ થી ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોવા બાબતની પુરસીસ રજુ રાખેલ છે.

આમ, પોલીસ રીપોર્ટ, ફરિયાદ, તમામ સાક્ષીઓનાં નિવેદન વંચાણે લીધા તેમજ દયાલભાઈ અમરસિંહ નરવરીયાનું કે જેઓનું અપહરણ થયેલાની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલ હતી તેઓનું પોલીસ રૂબરૂનું નિવેદન વંચાણે લેતાં તેઓનું કોઈ અપહરણ થયેલ ન હોવાનું સ્પષ્ટરૂપથી જણાવેલ છે તેમજ ફરિયાદીએ કોર્ટ રૂબરૂ હાજર થઈ આંક–૦૨ થી પુરસીસ રજુ કરેલ છે જે વંચાણે લેતાં તેઓ સદર કામ આગળ કોઈપણ કાર્યવાહી ચલાવવા માંગતા ન હોવાનું જણાવેલ છે તેમજ રેકર્ડ ધ્યાને લેતાં કોઈ ગુન્હાહીત કૃત્ય બનેલ ન હોવાનું જણાઈ આવે છે. જેથી તપાસ કરનાર અધીકારીએ ફાઈલ કરેલ વર્ગ–સી સમરી રીપોર્ટ મંજુર થવા યોગ્ય જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

તપાસ કરનાર અધિકારીશ્રીની વર્ગ–સી સમરી મંજુર કરવામાં આવે છે.

હુકમ તારીખ–૦૧લી, માહે–મે સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ**–1579